ગુજરાતમાં 6 જૂન સુધી વરસાદી માહોલ

રાજ્યમાં 50થી 60 કિમીની ઝડપે પવન ફુંકાવાની શક્યતા

સુરત, નવસારી, વલસાડ, તાપી, ડાંગ સહિત અનેક જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદની સંભાવના

અમદાવાદઃ રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી અનુભવાઈ રહેલી આકરી ગરમી વચ્ચે હવામાન વિભાગે રાહતના સંકેત આપ્યા છે. 2 જૂનથી 6 જૂન દરમિયાન ગુજરાતના અનેક વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. સાથે જ કેટલાક જિલ્લાઓમાં 50થી 60 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા હોવાથી ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી બે દિવસ સુધી રાજ્યના મહત્તમ તાપમાનમાં ખાસ ફેરફાર નહીં થાય. ત્યારબાદ તાપમાનમાં 2થી 4 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના છે. હજુ આગામી બે દિવસ સુધી રાજ્યના કેટલાક વિસ્તારોમાં તાપમાન 40 ડિગ્રીથી વધુ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

સોમવારે રાજ્યના અનેક શહેરોમાં ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો હતો. અમદાવાદમાં 42 ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી વધુ તાપમાન નોંધાયું હતું. જ્યારે રાજકોટ, સુરેન્દ્રનગર, ગાંધીનગર, ભાવનગર અને વલ્લભ વિદ્યાનગરમાં 41 ડિગ્રી સેલ્સિયસ સુધી તાપમાન પહોંચ્યું હતું. વડોદરા અને અમરેલીમાં 40 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. અમદાવાદ શહેર માટે આવતીકાલે 2 જૂને સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે એકથી બે વખત હળવાથી મધ્યમ વરસાદ, ગાજવીજ અને વીજળી પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. શહેરનું મહત્તમ તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવના છે.

છેલ્લા 24 કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડ્યા હતા. જ્યારે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ તેમજ દીવ, દમણ અને દાદરા નગર હવેલીમાં હવામાન મુખ્યત્વે શુષ્ક રહ્યું હતું.

હવામાન વિભાગે 2 જૂન માટે ઉત્તર અને મધ્ય ગુજરાત સહિત દક્ષિણ ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજની આગાહી કરી છે. બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, અરવલ્લી, ખેડા, પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ડાંગ, તાપી સહિતના જિલ્લાઓમાં વરસાદી માહોલ રહેવાની શક્યતા છે. સૌરાષ્ટ્ર-કચ્છના રાજકોટ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, મોરબી અને કચ્છ સહિતના વિસ્તારોમાં પણ છૂટાછવાયા વરસાદની આગાહી છે. 2 જૂનના રોજ સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, મહિસાગર, છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં ગાજવીજ સાથે 50થી 60 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા હોવાથી ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

3 અને 4 જૂને પણ રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા યથાવત રહેશે. 5 અને 6 જૂને દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં તેમજ ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં વરસાદી પ્રવૃત્તિ ચાલુ રહેવાની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં પણ વરસાદી ઝાપટાં પડવાની સંભાવના છે.

ધોરણ 10 અને 12ની પૂરક પરીક્ષા માટે હોલ ટિકિટ શાળાઓ દ્વારા ડાઉનલોડ કરી શકાશે

ટોલ ફ્રી નંબર 1800 233 5500 ઉપર સમસ્યા રજૂ કરવાથી માર્ગદર્શન પ્રાપ્ત થશે

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા 11 જૂનથી શરૂ થનારી ધોરણ 10 અને 12ની પૂરક પરીક્ષાઓ માટે પ્રવેશપત્ર હોલ ટિકિટ બોર્ડની વેબસાઈટ પરથી શાળાઓ દ્વારા ડાઉનલોડ કરી શકાશે.

પરીક્ષાઓના પ્રવેશ પત્ર, હોલ ટિકિટ આજથી બોર્ડની વેબસાઈટ પરથી શાળાઓ દ્વારા ડાઉનલોડ કરી શકાશે. હોલ ટિકિટની પ્રિન્ટ કાઢીને પરીક્ષાર્થીના પૂરક પરીક્ષાના આવેદનપત્રો સાથે વિષય અને માધ્યમની ખરાઈ કરી નિયત જગ્યાએ પરીક્ષાર્થીનો ફોટો લગાવી પરિક્ષાર્થીની સહી, પરીક્ષાર્થીના વર્ગ શિક્ષકની સહી તેમ જ નિયત જગ્યાએ આચાર્યના સહિ સિક્કા કરી પરીક્ષાર્થીને આપવાની રહેશે. પ્રવેશપત્રના પાછળના ભાગે પ્રિન્ટ કરી પરીક્ષાર્થી અને આચાર્યની સાથે ફરજિયાત આપવાની રહેશે.

ITIના તાલીમાર્થીઓની અંગ્રેજી વિષયની પૂરક પરીક્ષા 15 જૂનના રોજ યોજાશે

રાજ્યની માન્ય તમામ આઈટીઆઈના તથા ધોરણ 12 સામાન્ય પ્રવાહના અંગ્રેજી વિષયની પરીક્ષા પૃથક ઉમેદવાર તરીકે આપનાર આઈ.ટી.આઈના પરીક્ષાર્થીઓની અંગ્રેજી વિષયની પરીક્ષા 15 જૂન 2026 ના રોજ બપોરે 3 થી 6.15 કલાકે યોજનાર છે. આ પરીક્ષામાં પ્રવેશ પત્રો હોલ ટિકિટ બોર્ડની વેબસાઈટ પરથી આઈટીઆઈના આચાર્ય દ્વારા ડાઉનલોડ કરવાની રહેશે, ત્યારબાદ જરૂરી વિગતો ભરીને પરીક્ષાર્થીઓને આપવાની રહેશે.

ધોરણ 10 અને 12ની પૂરક પરીક્ષા માટે હેલ્પલાઈન સેવા

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા 11 જૂનથી લેવાના ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષા માટે હેલ્પલાઈન સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ટોલ ફ્રી હેલ્પલાઈ નં- ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ છે.

હેલ્પલાઈનનો સમય સવારે ૧૧થી સાંજે ૬નો રહેશે. આ પરીક્ષા માટે વિદ્યાર્થીઓ અને વાલીઓ તેમજ શાળાઓને માર્ગદર્શન માટે હેલ્પલાઈન સેવા શરૂ કરવામાં આવી છે. જેમાં કાઉન્સેલર તેમજ સાયકોલોજીસ્ટ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

ઓઈલ માર્કેટિંગ કંપનીઓ જંગી નફો કરી રહી છે તો ઈંધણના ભાવો કેમ વધી રહ્યા છે?

વિધાનસભાઓની ચૂંટણી પૂરી થઈ કે તરત મે મહિનામાં ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ચાર વખત વધારો કરવામાં આવ્યો હતો. તેની શરૂઆત ૧૫ મેના રોજ થઈ હતી, જ્યારે પ્રતિ લિટર લગભગ ૩ રૂપિયાનો મોટો ભાવવધારો જાહેર કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ ૧૯ મેના રોજ પ્રતિ લિટર લગભગ ૮૭ થી ૯૧ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. ત્રીજો વધારો ૨૩ મેના રોજ થયો, જેમાં ફરી ભાવમાં આશરે ૮૭ થી ૯૧ પૈસા પ્રતિ લિટરનો વધારો થયો. ચોથો અને સૌથી તાજેતરનો વધારો ૨૫ મેના રોજ થયો, જેમાં પેટ્રોલના ભાવમાં પ્રતિ લિટર ૨.૬૧ રૂપિયા અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર ૨.૭૧ રૂપિયાનો વધારો થયો. એટલે કે ૧૫ મે થી ૨૫ મે દરમિયાન, પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કુલ ૭ થી ૭.૫ રૂપિયા પ્રતિ લિટરનો વધારો થયો છે.

સરકારનો દાવો છે કે સરકારી તેલ કંપનીઓ લાંબા સમયથી પડતર કિંમત કરતાં ઓછી કિંમતે ઈંધણ વેચી રહી હતી અને દરરોજ ભારે નુકસાન સહન કરી રહી હતી, તેથી તે નુકસાન ઘટાડવા માટે આ વધારો જરૂરી બન્યો હતો. સરકારે એમ પણ કહ્યું છે કે ગ્રાહકોને રાહત આપવા માટે તેણે લાંબા સમયથી ભાવવધારો અટકાવ્યો હતો અને એક્સાઇઝ ડ્યુટી ઘટાડીને બોજો ઘટાડી દીધો હતો. જો આ પગલાં લેવામાં ન આવ્યાં હોત, તો ઈંધણની કિંમત વધી ગઈ હોત. કિંમતમાં વધારો થાય તે પહેલાં કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યું હતું કે આંતરરાષ્ટ્રીય ક્રુડ ઓઇલના ભાવમાં વધારાથી ગ્રાહકોને બચાવવા માટે સરકારી તેલ કંપનીઓ દરરોજ ૧,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન કરી રહી છે, પરંતુ ૧૩ થી ૧૯ મે દરમિયાન ત્રણ મુખ્ય તેલ કંપનીઓ ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમે જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૬ માટે તેમનાં ત્રિમાસિક પરિણામો જાહેર કર્યાં હતાં. આ પરિણામો દર્શાવે છે કે આ સમયગાળા દરમિયાન ત્રણેય કંપનીઓએ સારો નફો નોંધાવ્યો હતો. ત્રણેય કંપનીઓના સંયુક્ત નફામાં આશરે ૧૯,૦૦૦ કરોડ રૂપિયાનો વધારો થયો હતો.

દિલ્હી સ્થિત થિંક ટેન્ક ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઇનિશિયેટિવના ડિરેક્ટર અજય શ્રીવાસ્તવ દેશમાં તેલ કંપનીઓને નુકસાન થાય છે, તેવા દાવા પર સવાલ ઉઠાવે છે. તેઓ કહે છે કે તાજેતરમાં તેલ કંપનીઓનાં પરિણામો બહાર આવ્યાં તેમાં બધી સરકારી કંપનીઓએ જંગી નફો દર્શાવ્યો. દરમિયાન, એવા અહેવાલો પણ વહેતા કરવામાં આવ્યા છે કે આ કંપનીઓ દરરોજ કરોડોનું નુકસાન કરી રહી છે, કારણ કે સરકાર યોગ્ય રીતે ભાવમાં વધારો કરી રહી નથી. આમાં સચ્ચાઇ શું છે? સિસ્ટમમાં પારદર્શિતા હોવી જોઈએ જેથી જાણી શકાય કે તેલ કંપનીઓ દ્વારા કેટલા ટકા પૈસા લેવામાં આવશે અને સરકાર દ્વારા કેટલો ટેક્સ લેવામાં આવશે. જો આ બધા આંકડા ઉપલબ્ધ

કરાવવામાં આવે તો બધું સ્પષ્ટ થઈ જશે. જ્યારે ૨૦૨૦-૨૧માં તેલના ભાવ પ્રતિ બેરલ ૨૫થી ૩૦ ડોલર હતા, ત્યારે આપણા ભાવ લગભગ સમાન હતા. ત્યારે જો મોટો નફો થયો હોત, તો તે નફો એક પુલમાં નાખવો જોઈતો હતો. કંપનીઓ પેટ્રોલના ભાવ ઘટાડી પણ શકી હોત, જે સરકારે કર્યું નહીં. જો નફો પુલમાં રાખવામાં આવ્યો હોત, તો જ્યારે કિંમત અસામાન્ય રીતે વધી હતી, ત્યારે આ પૈસાનો ઉપયોગ ગ્રાહકોને નુકસાન ન થાય અને પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધુ પડતો વધારો ન કરવો પડે તે સુનિશ્ચિત કરવા માટે કરી શકાયો હોત. આ સમગ્ર ગૂંચવણ પારદર્શિતાના અભાવ પર આધારિત છે અને પારદર્શિતા લાવવાથી સમસ્યાઓનો ઉકેલ આવશે.

૨૦૨૨ માં યુક્રેન યુદ્ધ પછી

ટુ ધ પોઇન્ટ

■ સંજય વોરા ■

ભારતની તેલ આયાત નીતિમાં મોટો ફેરફાર થયો હતો. પશ્ચિમી દેશોએ રશિયા પર પ્રતિબંધો લાદ્યા, જેના કારણે રશિયન તેલ સસ્તા ભાવે ઉપલબ્ધ થયું અને ભારતે આનો લાભ લઈને ઝડપથી આયાત વધારી હતી. ભારતે મોટા પાયે રશિયન ક્રુડ ઓઇલ ખરીદવાનું શરૂ કર્યું અને રશિયા ઝડપથી ભારતનું મુખ્ય સપ્લાયર બની ગયું. ૨૦૨૨-૨૦૨૩ દરમિયાન આ વૃદ્ધિ વધુ ઝડપી બની. ભારતની કુલ ક્રુડ ઓઇલ આયાતમાં રશિયાનો હિસ્સો લગભગ ૨ ટકાથી વધીને ૧૯ ટકા થયો અને ૨૦૨૩-૨૦૨૪માં ૩૫-૪૦ ટકા સુધી પણ પહોંચી ગયો. સસ્તા તેલના કારણે ભારતને આયાત ખર્ચ ઘટાડવામાં મદદ મળી અને રશિયા ભારતનો સૌથી મોટો તેલ સપ્લાયર બન્યો, જેણે મોટા ભાગે પરંપરાગત મધ્ય પૂર્વીય દેશોનું સ્થાન લીધું. ભારતે રશિયાનું ખનિજ તેલ સસ્તામાં ખરીદ્યું પણ તેનો લાભ જનતાને મળ્યો નહોતો. જ્યારે ઈરાન યુદ્ધ શરૂ થયું ત્યારે ચીન, સિંગાપોર અને બે-ત્રણ અન્ય દેશો સહિત ઘણા દેશોએ રિફાઇન્ડ પેટ્રોલિયમ ઉત્પાદનોની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. યુદ્ધ શરૂ થયા પછી ઊભી થનારી અછતને પહોંચી વળવા માટે તેઓએ આ કર્યું. ભારતે પણ એવું જ કરવું જોઈતું હતું. ચીન પાસે છ મહિનાથી વધુ સમય માટે અનામત હતું પણ ભારતનું અનામત ખૂબ જ ટૂંકા ગાળા માટે હતું.

શું ભારતની ઓઇલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) મધ્ય પૂર્વ (પશ્ચિમ એશિયા) કટોકટી વચ્ચે અણધાર્યો ફાયદો મેળવી રહી છે? આ ચર્ચાના કેન્દ્રમાં એક નોંધપાત્ર આંકડો છે. નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ઓઇલ કંપનીઓએ ૭૭,૮૨૧ કરોડ રૂપિયાનો સંયુક્ત નફો નોંધાવ્યો હતો. આ નફો નોંધપાત્ર લાગે છે, પરંતુ વાસ્તવિકતા ખૂબ જટિલ છે. જ્યારે તમે માર્જિન, કુલ ટર્નઓવર અને વૈશ્વિક ક્રુડ ઓઇલના ભાવમાં વધઘટને ધ્યાનમાં લો છો, ત્યારે ચિત્ર અલગ બની જાય છે.કાગળ પર ૭૭,૮૨૧ કરોડ રૂપિયાનો નફો નોંધપાત્ર લાગે છે, પરંતુ લગભગ ૨૦ લાખ કરોડ રૂપિયાના જંગી ટર્નઓવર પર તે ફક્ત ૩ થી ૪ ટકાના માર્જિનનું પ્રતિનિધિત્વ કરે છે. રિફાઇનિંગ અને ઇંધણ છૂટક વેચાણ જેવા કોમોડિટી વ્યવસાયોમાં આ એકદમ સામાન્ય નફો માનવામાં આવે છે. આને ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનના ઉદાહરણથી સમજીએ. ઇન્ડિયન ઓઇલનું ટર્નઓવર લગભગ ૧૦ લાખ કરોડ રૂપિયા છે અને નફો ૨૦ થી ૩૦ હજાર કરોડ રૂપિયા છે, જે ફક્ત ૩ ટકાનું માર્જિન દર્શાવે છે. જો કંપનીઓ ૨૦ લાખ કરોડ રૂપિયાના ટર્નઓવર પર માત્ર ૨,૦૦૦ કરોડ રૂપિયા કમાય છે, તો માર્જિન ઘટીને ૦.૧ ટકા થઈ જશે. આટલા ઓછા માર્જિન સાથે સરકારી ઓઇલ માર્કેટિંગ કંપનીઓ ભવિષ્યના રિફાઇનરી વિસ્તરણ અથવા નવીનીકરણીય ઊર્જા પ્રોજેક્ટો માટે સરળતાથી કામ કરી શકશે નહીં અથવા મૂડી એકત્ર કરી શકશે નહીં.

સરકારી ઓઇલ માર્કેટિંગ કંપનીઓના વાર્ષિક નફાનો લગભગ અડધો ભાગ કોર્પોરેટ ટેક્સ અને ડિવિડન્ડના રૂપમાં સરકારને જાય છે. આ નાણાંનો ઉપયોગ રસ્તાઓ, હાઇ વે, રેલવે, મેટ્રો રેલવે અને અન્ય માળખાગત સુવિધાઓ બનાવવા માટે થાય છે. બાકીના ભંડોળનો ઉપયોગ રિફાઇનરીનું વિસ્તરણ, પાઇપલાઇન નાખવામાં અને સ્વચ્છ ઊર્જા માળખાંને મજબૂત બનાવવામાં થાય છે. સરકારી કંપનીઓ જાહેર જનતાને આપવામાં આવતી સબસિડીનો બોજો પણ સહન કરે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૫ માં જ્યારે LPG સિલિન્ડરની કિંમત ૫૫૦ રૂપિયા પર જાળવી રાખવી પડી હતી, ત્યારે કંપનીઓએ તેમના પોતાના નફાના પુલમાંથી ૪૦,૪૩૪ કરોડ રૂપિયાનો ખર્ચ ઉઠાવ્યો હતો. તાજેતરમાં કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઇઝ ડ્યુટીમાં પ્રતિ લિટર ૧૦ રૂપિયાનો ઘટાડો કરી દીધો હતો. કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે સ્પષ્ટતા કરી હતી કે આ એક્સાઇઝ ડ્યુટી ઘટાડાથી આશરે ૧ લાખ કરોડ રૂપિયાનું મહેસૂલી નુકસાન થશે. સરકારી કંપનીઓનો વહીવટ પ્રોફેશનલ ધોરણે કરવામાં નથી આવતો પણ રાજકીય દાવપેચને ટેકો આપવાનાં સાધન તરીકે કરવામાં આવે છે, જેને કારણે તેનો વહીવટ અપારદર્શક બને છે. જો આ વહીવટ પારદર્શક બનાવવામાં આવે તો જ પ્રજાના મનની શંકાઓ દૂર થઈ શકે તેમ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

આ પરિણામો દર્શાવે છે કે જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૬ના સમયગાળા દરમિયાન ત્રણેય કંપનીઓના સંયુક્ત નફામાં આશરે ૧૯,૦૦૦ કરોડ રૂપિયાનો વધારો થયો હતો

અનુસંધાન... પાના પહેલાનું

મંત્રણા સ્થગિત :...

કેશમ ટાપુ પર આ હુમલા કર્યા હતા. સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે, આ માપેલા અને હેતુપૂર્વકના હુમલા... ઈરાનની આક્રમક ગતિવિધિઓના જવાબમાં કરવામાં આવ્યા હતા, જેમાં આંતરરાષ્ટ્રીય જળસીમા પર કાર્યરત યુએસના MQ-1 ડ્રોનને તોડી પાડવાનો સમાવેશ થાય છે. યુએસ ફાઇટર એરક્રાફ્ટે ઈરાનની હવાઈ સંરક્ષણ પ્રણાલી, એક ગ્રાઉન્ડ કંટ્રોલ સ્ટેશન અને બે વન-વે એટેક ડ્રોનને નષ્ટ કરીને ઝડપી જવાબ આપ્યો હતો, જે પ્રાદેશિક જળસીમામાંથી પસાર થતા જહાજો માટે સ્પષ્ટ ખતરો ઉભો કરતા હતા. કુવેતે જણાવ્યું હતું કે સોમવારે વહેલી સવારે તેની હવાઈ સંરક્ષણ પ્રણાલીએ આવનારા ડ્રોન અને મિસાઈલ હુમલાને રોકવા માટે ફાયરિંગ શરૂ કર્યું હતું. આ જ સમયે, ઈરાનના અર્ધલશ્કરી દળ 'રિવોલ્યુશનરી ગાર્ડ'એ જણાવ્યું હતું કે તેણે અમેરિકન હુમલાનો જવાબ આપ્યો છે, જોકે તેમણે કઈ જગ્યાએ હુમલો કર્યો તે જણાવ્યું નથી, જે સંભવતઃ કુવેત પરના હુમલાનો સંદર્ભ આપે છે. બાદમાં મળેલા અહેવાલ મુજબ ઈરાને કહ્યું હતું કે તેણે કુવૈતમાં અમેરિકી સૈનિકો પર હુમલો કર્યો હતો. ઈઝરાયેલ અને લેબેનોનના આતંકવાદી જૂથ હિઝબુલ્લાહ વચ્ચે પણ તેમના આભાસી યુદ્ધવિરામ હોવા છતાં લડાઈ વકરી છે. ઈઝરાયેલે લેબેનોનમાં ઊંડે સુધી પોતાનો કબજો લંબાવ્યો છે, અને હિઝબુલ્લાહ - જે તેના મુખ્ય સમર્થક ઈરાનના સમર્થનમાં યુદ્ધમાં જોડાયું હતું - ઈઝરાયેલ પર ડ્રોન હુમલા કરવાનું ચાલુ રાખ્યું છે. ઈરાને ઈઝરાયેલ પર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરીને લેબનોનમાં તેના પ્રોક્સી મિલિશિયા (હિઝબુલ્લાહ પર બોમ્બમારો કરવાનો આરોપ લગાવીને અમેરિકા સાથેની તમામ રાજદ્વારી મંત્રણાઓ તોડી નાખી છે. ઈરાનના સરકારી પ્રસારણ માધ્યમ 'તસ્નીમ'ના જણાવ્યા અનુસાર, ઈરાનના ટોચના વાટાઘાટકારોએ સોમવારે પાકિસ્તાની મધ્યસ્થીઓ દ્વારા અમેરિકા સાથે સંદેશાઓની આપ-લે કરવાનું બંધ કરી દીધું છે, કારણ કે તેહરાને હોર્મુઝની સામુદ્રધુનીને સંપૂર્ણપણે બંધ કરવાની પ્રતિજ્ઞા લીધી છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ઈરાને વાતચીત બંધ કરી દીધી છે કારણ કે તેનું માનવું છે કે સીઝફાયર માટેની પૂર્વશરતોમાંની એક શરત લેબનોનમાં IDFના સતત હુમલાઓ રોકવાની હતી.

અમેરિકાએ ત્રણ...

દીધા હતા. ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થયું તે પહેલાં, દરરોજ ૧૦૦ થી વધુ કોમર્શિયલ જહાજો હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થતા હતા. આ સામુદ્રધુની એક સાંકડો જળમાર્ગ છે જેની એક તરફ ઈરાન અને બીજી તરફ ઓમાન આવેલું છે, અને તે વૈશ્વિક તેલ પુરવઠાના ૨૦ ટકા હિસ્સા માટેનો મુખ્ય શિપિંગ માર્ગ છે. અધિકારીઓએ આ જહાજો કયા પ્રકારના હતા અને તેમણે કયો રૂટ લીધો હતો તે જણાવવાનો ઇનકાર કર્યો હતો, પરંતુ એક અધિકારીએ સંકેત આપ્યો હતો કે તેમાંથી ઓછામાં ઓછો એક રૂટ ઈરાનના દરિયાકિનારાની નજીક નહોતો. યુએસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઈરાનની મંજૂરી મેળવ્યા વિના તેની નજીકથી પસાર થતા જહાજો પર ઈરાની ડ્રોન અથવા મિસાઈલો દ્વારા હુમલો થવાનું જોખમ લગભગ નિશ્ચિત છે. શિપિંગ વિશ્લેષકોનું કહેવું છે કે યુએસ-માર્ગદર્શિત જહાજો ઓમાનની વધુ નજીક હોય તેવા રૂટ પરથી પસાર થતા હોવાનું જણાય છે. આ ઉપરાંત, યુએસ-માર્ગદર્શિત જહાજો ટ્રાન્સપોન્ડર બંધ રાખીને પસાર થાય છે, જેને ડાર્ક પેસેજ તરીકે ઓળખવામાં આવે છે. આ કારણે શિપિંગ વિશ્લેષકોનું કહેવું છે કે તેઓ સ્વતંત્ર રીતે તેની ચકાસણી કરી શકતા નથી કે ખરેખર આવા કેટલા પ્રવાસો થયા છે. બીજી બાજુ, ઈરાન સાથે યુદ્ધવિરામ અમલમાં હોવા છતાં, આ નાકાબંધીનો સંપૂર્ણ અમલ કરવા માટે અમેરિકી દળોએ પાંચ કોમર્શિયલ જહાજોને નિષ્ક્રિય કર્યા છે અને ૧૧૬ જહાજોના રૂટ ડાયવર્ટ કર્યા છે. સેન્ટ્રલ કમાન્ડના પ્રવક્તા કેપ્ટન ટિમ હોકિન્સે ન્યૂ યોર્ક ટાઇમ્સને આપેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, જોકે યુએસ દળો જહાજોને એસ્કોર્ટ (સાથે રહીને સુરક્ષા) નથી કરી રહ્યા, તેમ છતાં અમે પ્રાદેશિક અને વૈશ્વિક અર્થતંત્રો માટે નિર્ણાયક આંતરરાષ્ટ્રીય કોરિડોર એવી હોર્મુઝની સામુદ્રધુનીમાંથી મુક્ત અને સુરક્ષિત રીતે પસાર થવા ઈચ્છતા કોમર્શિયલ જહાજો સાથે સતત સંપર્ક અને સંકલન સાધી રહ્યા છીએ.

નૈઋત્યનું ચોમાસુ...

ગાળાની સરેરાશ(LPA)ના ૯૦ ટકા વરસાદ મેળવે તેવી અપેક્ષા છે. LPA એટલે કોઈ ચોક્કસ પ્રદેશમાં એક નિશ્ચિત સમયગાળા (જેમ કે મહિનો અથવા સિઝન) દરમિયાન નોંધાયેલા વરસાદની સરેરાશ, જે સામાન્ય રીતે ૩૦ થી ૫૦ વર્ષ જેવા લાંબા ગાળા પર આધારિત હોય છે. વર્ષ ૧૯૭૧ થી ૨૦૨૦ સુધીના ડેટાના આધારે સમગ્ર ભારતમાં ચોમાસાના મોસમી વરસાદની LPA ૮૭ સેન્ટિમીટર છે. જો કોઈ ચોમાસાની સિઝનમાં LPA ના ૯૦ ટકા કરતાં ઓછો વરસાદ થાય, તો IMD તેને અછતવાળું ચોમાસું જાહેર કરે છે. IMD એ જણાવ્યું કે આ વર્ષે સામાન્ય કરતાં ઓછો વરસાદ થવા પાછળનું એક કારણ 'અલ નિનો' ની પરિસ્થિતિઓનું સર્જાવું હોઈ શકે છે, જેના કારણે ભારતમાં ચોમાસા દરમિયાન ઓછો વરસાદ પડે છે. હાલમાં, વિષુવવૃત્તીય પેસિફિક ક્ષેત્રમાં તટસ્થ 'અલ નિનો-સધર્ન ઓસિલેશન' પરિસ્થિતિઓ બદલાઈને 'એલ નિનો' તરફ આગળ વધી રહી છે. વિભાગે ઉમેર્યું હતું કે જૂન મહિનામાં અલ નિનોની સ્થિતિ નબળી રહેવાની અને સપ્ટેમ્બરમાં તે મધ્યમથી મજબૂત બનવાની સંભાવના છે.

અનેક ભાગોમાં...

સફદરજંગ ઓબ્ઝર્વેટરીમાં મહત્તમ તાપમાન ૩૬.૩ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૪.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આવી જ પેટર્નને અનુસરતા પંજાબ અને હરિયાણામાં પણ તાપમાન સામાન્ય કરતા ઓછું નોંધાયું હતું. જ્યાં બે દિવસ પહેલા પ્રચંડ ધૂળની ડમરી ઉઠી હતી તે રાજસ્થાનમાં આજે ફરીથી વાવાઝોડા અને વરસાદનો માહોલ હતો. યુપીમાં આજે ૪૨ ડીગ્રી તાપમાન સાથે ફતેહગઢ સૌથી ગરમ સ્થળ રહ્યું હતું પરંતુ અનેક સ્થળે વરસાદ પડ્યો હતો. હિમાચલ પ્રદેશમાં પણ છેલ્લા ૨૪ કલાકમાં અનેક સ્થળે હળવોથી મધ્યમ વરસાદ થયો છે.

ભારત અને ઓમાન...

પાર્ટનરશિપ એગ્રીમેન્ટ (CEPA) મૂલ્યની દષ્ટિએ ઓમાનમાં ભારતની ૯૯.૩૮ ટકા નિકાસને ડ્યુટી-ફ્રી પ્રવેશ પ્રદાન કરે છે, જે ઓમાનની ૯૮.૦૮ ટકા ટેરિફ લાઈનોને આવરી લે છે. આ કરારના અમલીકરણની શરૂઆત નિમિત્તે, મુંબઈ, કોલકાતા અને ચેન્નાઈથી કૃષિ અને જેમ્સ એન્ડ જ્વેલરીની નિકાસ સહિત આ કરાર હેઠળ પ્રેફરન્શિયલ ટેરિફ લાભો મેળવનારી પ્રથમ કન્સાઈનમેન્ટ્સને રવાના કરવામાં આવ્યા હતા. ભારત અને ઓમાન વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૦.૬૧ અબજ યુએસ ડોલર હતો, જે વધીને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૧.૧૮ અબજ યુએસ ડોલર સુધી પહોંચ્યો છે.

પાકિસ્તાની આતંકી...

ભરતી કરવાના પ્રયાસો થઈ રહ્યા હોવાની ગુપ્ત માહિતી મળ્યા બાદ આ ધરપકડ કરવામાં આવી હતી. એક નિવેદનમાં ATSએ જણાવ્યું કે, તેમને ગુપ્ત માહિતી મળી હતી કે પાકિસ્તાન, ISI અને આતંકવાદી સંગઠનો સાથે મળીને પાકિસ્તાની ગેંગસ્ટર શહઝાદ ભટ્ટીના નેટવર્કનો ઉપયોગ કરી રહ્યું છે. આ નેટવર્ક સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા ભારતીય યુવાનોનો સંપર્ક કરી, તેમને કટ્ટરપંથી બનાવીને આતંકવાદી પ્રવૃત્તિઓ માટે 'સ્લીપર સેલ' તરીકે ઉપયોગ કરતું હતું.

એજન્સીના જણાવ્યા અનુસાર, ઇલેક્ટ્રોનિક અને ફિઝિકલ સર્વેલન્સ દ્વારા તપાસકર્તાઓ શેખ સુધી પહોંચ્યા હતા. શેખ પાકિસ્તાન અને દુબઈના મોબાઈલ નંબરો સાથે જોડાયેલા વોટ્સએપ અને સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ દ્વારા આ નેટવર્કના સભ્યો સાથે સંપર્કમાં હતો. એજન્સીએ દાવો કર્યો છે કે શેખને ભટ્ટી તેમજ તેના બે સાથીઓ અજમલ ગુર્જર અને રઝા પાકિસ્તાની હેન્ડલ કરી રહ્યા હતા. ATS ના જણાવ્યા અનુસાર, હેન્ડલર્સે શેખને એક ટ્રાયલ મિશન આપ્યું હતું. જેમાં અન્ય રાજ્યની એક મહિલા રાજકીય નેતાને ધમકી આપવાની અને મોટી કામગીરીમાં સામેલ કરતાં પહેલાં તેની હત્યા કરવાની યોજના હતી. શેખે 9 mm ની પિસ્તોલ અને ચાર જીવતા કારતૂસની વ્યવસ્થા કરી લીધી હતી અને તે શહઝાદ ભટ્ટી ગેંગ દ્વારા સોંપવામાં આવેલી જવાબદારી પૂરી કરવા માટે તૈયારી કરી રહ્યો હતો.

પ્રધાન સામે વિરોધ...

તાજેતરમાં જ પબ્લિક રિલેશન્સમાં માસ્ટર્સનો અભ્યાસ પૂરો કર્યો છે. તેમણે સીજેપીના સમર્થકોને ૬ જૂને તેમના ભારત આગમન પર દિલ્હી એરપોર્ટ પર એકત્રિત થવા માટે પણ અપીલ કરી હતી. તેમણે વીડિયોમાં જણાવ્યું કે, હું શનિવારે સવારે ૬ જૂને દિલ્હી પહોંચીશ. કૃપા કરીને એરપોર્ટ પર મારી સાથે જોડાઓ, અને આપણે બધા સાથે મળીને જંતર-મંતર ખાતે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરવાની મંજૂરી મેળવવા પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશન જઈશું. સીજેપીના સ્થાપકે પાછળથી પીટીઆઈને જણાવ્યું હતું કે, તેમને એવી આશંકા ચોક્કસ છે કે ભારત પરત ફરતાં જ તેમની ધરપકડ થઈ શકે છે, પરંતુ તેમ છતાં તેઓ માને છે કે તેમનું આ આયોજિત વિરોધ પ્રદર્શન અભિવ્યક્તિની સ્વતંત્રતા અને શાંતિપૂર્ણ રીતે એકત્ર થવાના બંધારણીય અધિકારો હેઠળ સુરક્ષિત છે. જો કે, દીપકેએ ઉમેર્યું કે તેઓ પોતાના કરતાં વધુ પોતાના પરિવારને મળી રહેલી ધમકીઓ અંગે ચિંતિત છે. દીપકે દ્વારા ગયા મહિને શરૂ કરવામાં આવેલી અને સોશિયલ મીડિયા પર યુવાનો દ્વારા સંચાલિત આ ચળવળ 'કોકરોચ જનતા પાર્ટી' એ ટૂંક સમયમાં જ ભારે વેગ પકડ્યો છે, અને ઘણી જાહેર હસ્તીઓ પણ તેમાં જોડાઈ છે.

કોમર્શિયલ LPG...

સ્તરે પહોંચી ગયા છે. ૫ કિલોના ફ્રી-ટ્રેડ એલપીજી (FTL) સિલિન્ડરના ભાવમાં પણ રૂ. ૧૧નો વધારો કરીને પ્રતિ સિલિન્ડર રૂ. ૮૨૧.૫૦ કરવામાં આવ્યો છે. ઘરગથ્થુ ગ્રાહકોને આ વધારામાંથી રાહત આપવામાં આવી છે, જેમાં ૧૪.૨ કિલોના સ્થાનિક એલપીજી સિલિન્ડરની કિંમત માર્ચની શરૂઆતથી રૂ. ૯૧૩ પર યથાવત છે, જ્યારે તે સમયે પ્રતિ બોટલ ભાવમાં રૂ. ૬૦નો વધારો કરવામાં આવ્યો હતો.

વૈશ્વિક સ્તરે કિંમતોમાં જોવા મળેલી નરમાઈને પગલે સોમવારે ડોમેસ્ટિક એરલાઈન્સ માટે એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF - વિમાની ઈંધણ)ના ભાવ સતત બીજા મહિને યથાવત રહ્યા હતા, જ્યારે આંતરરાષ્ટ્રીય વિમાની કંપનીઓ માટેના દરોમાં ૨૭ ટકાનો મોટો ઘટાડો કરવામાં આવ્યો હતો. આ સાથે જ સરકારી માલિકીની ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ કોમર્શિયલ એલપીજી અને બજાર કિંમતના ૫ કિલોગ્રામના સિલિન્ડરના ભાવમાં વધારો કર્યો છે. સ્થાનિક એરલાઈન્સ માટે એવિએશન ટર્બાઈન ફ્યુઅલની કિંમત રૂ. ૧,૦૪,૯૨૭.૧૮ પ્રતિ કિલોલીટર પર સ્થિર રહેશે, જે એપ્રિલ મહિનાથી યથાવત છે. હવાઈ ભાડા પર તાત્કાલિક કોઈ અસર ન પડે તે હેતુથી ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ આંતરરાષ્ટ્રીય સ્તરે વધેલા ઊર્જા ખર્ચનો બોજ પોતે સહન કરવાનો નિર્ણય લીધો હતો.

મલેશિયામાં 16...

સફળ રહેશે, તેમને દંડ કરવામાં આવશે નહીં. સરકારે જણાવ્યું હતું કે આ પગલાંનો ઉદ્દેશ્ય બાળકોને નુકસાનકારક સામગ્રી, સાયબર ધમકીઓ અને પ્લેટફોર્મના એવા ફીચર્સથી બચાવવાનો છે જેનો હેતુ યુઝર્સને તેના અતિશય ઉપયોગ માટે પ્રેરિત કરવાનો હોય છે. ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ અને ઇન્ડોનેશિયા સહિતના અન્ય દેશોએ પણ બાળકોની સોશિયલ મીડિયા સુધીની પહોંચ માટે ઉંમર-આધારિત પ્રતિબંધો અથવા શરતો લાગુ કરી છે કે તેની જાહેરાત કરી છે. બ્રિટન, ફ્રાન્સ, સ્પેન, ડેનમાર્ક, થાઇલેન્ડ અને દક્ષિણ કોરિયા જેવા દેશો પણ આ પ્રકારના અભિગમોનો અભ્યાસ કરી રહ્યા છે અથવા તેને વિકસાવી રહ્યા છે. નિયમનકારે સ્પષ્ટતા કરી છે કે આ નિયમોનો હેતુ બાળકોને ડિજિટલ ટેક્નોલોજીનો ઉપયોગ કરતા રોકવાનો નથી.

દિલ્હી ડાયરી...

પદની રેસમાંથી બહાર થઈ ગયા પછી હવે તેમના માટે આગળ શું? કેરળના આ આખા ઘટનાક્રમ પછી તેમની સ્થિતિ નબળી પડી છે કે મજબૂત થઈ છે? સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે જે જનરલ સેક્રેટરી (સંગઠન) પોતાના માટે જ મુખ્યમંત્રી પદ મેળવી શકતા નથી, તેમની પાસે બીજા કોઈને મદદ કરવા માટે બહુ ઓછી વગ (પાવર) હોય છે. પરંતુ કાયદા અને તેના વાસ્તવિક અમલ વચ્ચે હંમેશાં તફાવત હોય છે. એ વાત સાચી છે કે, મુખ્યમંત્રી બનવામાં નિષ્ફળ રહ્યા બાદ વેણુગોપાલના પ્રભુત્વને ઝટકો લાગ્યો છે, પરંતુ આનાથી લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સાથેના તેમના સંબંધો નબળા પડ્યા હોય તેવું જરૂરી નથી. જો કંઈ થયું હોય, તો તે એ છે કે તેમને પદની દાવેદારી છોડવા માટે મનાવવામાં જેટલો સમય લાગ્યો અને જે (દેખીતી) નમ્રતા સાથે તેમણે 'હાઈકમાન્ડ'ના નિર્ણયને સ્વીકાર્યો, તે બાબત ભવિષ્યમાં તેમના પક્ષમાં કામ કરશે.

ફક્ત રૂ. ૮૦/- થી શરૂ

મસ્તીભરી કોમેડીની રમઝટ

પતિ પત્નિ ઔર વો દો

૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે: ૯.૩૦

એક્શન, સસ્પેન્સ થ્રીલર

તીસરી આંખ

૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે: ૯.૩૦

RUPAM CINEMA

એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJHANS ગોપીતળાવ નવસારી બજાર, સુરત

હિન્દી પારિવારિક હીટ ફિલ્મ

કૃષ્ણાવતારમ-1

૧૦.૦૦, ૧૨.૧૫, ૩.૧૫, ૬.૦૦, રાત્રે: ૯.૦૦

2D હિન્દી- ફુલ એક્શન

કટ્ટલાન

૨.૧૫ રાત્રે: ૧૦.૦૦

પતિ પત્નિ ઔર વો દો ૧૨.૪૫, ૩.૦૦, ૫.૧૫, ૭.૩૦

ચાંદ મેરા દિલ

૧૧.૩૦, ૪.૩૦, ૭.૧૫, રાત્રે: ૯.૪૫

થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA

ફકી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 99984 46007

★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર

Book Tickets Now from : bookmyshow.com paytm @applecinemasurat

ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.

કૃષ્ણાવતારમ-1: ૯.૦૦, ૧૧.૩૦, ૨.૧૫, ૫.૩૫, ૭.૧૦, રાત્રે ૯.૩૦, ૧૦.૦૦

રાજા શિવાજી: ૯.૦૦, ૨.૦૦, ૩.૩૫, રાત્રે ૧૦.૧૫, ૧૧.૦૦

ફેમિલી ગુજરાતી ચિત્ર શુભ મંગલ ધમાલ: ૧.૦૦, ૪.૩૦, રાત્રે ૮.૨૫

ચાંદ મેરા દિલ: ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૩૦, ૨.૦૦, ૪.૦૦, ૭.૦૦, રાત્રે ૯.૩૦

ધબકારો: ગુજરાતી : ૧૧.૩૦, ૧૨.૩૦, ૨.૦૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

વાંકીચુકી લવસ્ટોરી: ગુજરાતી : ૫.૦૦

ભૂતબંગલા: ૯.૦૦, ૧૦.૦૦, ૨.૩૫, ૭.૧૦, રાત્રે ૧૦.૦૦

કબંદા: ગુજરાતી : ૧૨.૩૦, ૭.૩૦

OBSESS: હિન્દી : ૪.૨૫

રીટર્ન ઓફ ધ જંગલ: હિન્દી : ૭.૪૫

ધરપકડ: ગુજરાતી : ૯.૧૦, ૧૨.૦૦, ૨.૧૫, રાત્રે ૯.૪૫

સ્ટાર વોર્સ: હિન્દી : ૭.૪૦

શ્રી બાબા નીબ કરોરી મહારાજ: હિન્દી : સવારે ૯.૦૦

ધ ગ્રેટ ગ્રાન્ટ સુપર હીરો: હિન્દી : ૧૧.૪૫, ૫.૩૫

DGVCL

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ

CIN U40102GJ2003SGC042909

સુરત ગ્રામ્ય વિભાગીય કચેરી

ઊર્જાસદનની સામે,નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત૩૯૫૦૦૬

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩(કે૧૮૦૦૨૩૩૩૦૦૩)

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે અગત્યની સમાર કામગીરીનાં કારણે નીચે જણાવેલ ફીડર પરથી નીચે જણાવેલ તારીખ અને સમયે વિજ પુરવઠો મળી શકશે નહિ. કામગીરી પૂર્ણ થયે કોઈ પણ જાતની જાણ કર્યા વગર વિજપુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની નોંધ લઈ સહકાર આપવા વિનંતી.

ક્રમ	સબ-સ્ટેશન	ફીડર	સબ-ડિવિઝન	ફોલ્ટ સેન્ટર નં.	તારીખ/ વાર	સમય
૧	૬૬ કે.વી. લસકાણા-૧	૧૧ કે.વી. ભાદા	લસકાણા	૮૯૮૦૦૩૧૬૬૦	૦૨.૦૬.૨૬/મંગળવાર	૦૭.૦૦ થી ૧૫.૦૦

કાર્યપાલક ઇજનેર (સં. અને નિ.),સુરત ગ્રામ્ય-વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ. સુરત.

એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

'ધ ગ્રેટ ગ્રાન્ડ સુપરહીરો : એલિયન્સ કા આગમન'

ઝી સ્ટુડિયોઝ અને અમદાવાદ ફિલ્મ્સની આ ફિલ્મ શાળાના એવા બાળકોની વાર્તા છે, જેમને વિશ્વાસ અપાવવામાં આવે છે કે તેમના મિત્રના દાદા એક સુપરહીરો છે. દાદા પણ બાળકોની ઉત્સુકતા જોઈને આ વાતમાં હા એ હા મિલાવે છે અને કહે છે કે જ્યારે એલિયન્સ સામે લડવાનું થશે ત્યારે તેમની શક્તિઓ પાછી આવી જશે. અણધારી રીતે, એક દિવસ સાચે જ એલિયન્સ પૃથ્વી પર ઊતરે છે અને દાદામાં સુપરપાવર્સ આવી જાય છે!

મનીષ સૈનીએ એક સારો સંદેશ આપતી સરળ વાર્તા અને હાસ્યસભર પટકથા લખી છે, જે પ્રેક્ષકોને જકડી રાખે છે. ઇન્ટરવલ પછી ફિલ્મ થોડી ધીમી પડે છે, પરંતુ ક્લાઈમેક્સ ખૂબ જ કલ્પનાશીલ અને મનોરંજક છે. આ ફિલ્મ ખાસ કરીને બાળકોને ખૂબ ગમશે. અભિનયની વાત કરીએ તો, જેકી શ્રોફે સુપરહીરો દાદા તરીકે શાનદાર કામ કર્યું છે. એક નબળા વૃદ્ધમાંથી સુપરહીરો બનવાનો તેમનો અંદાજ તાળીઓ મેળવે તેવો છે. બાળ કલાકારો શિવાંશ ચૌરધે (લડ્ડુ), મિહિર ગોડબોલે (દીપુ), જીહાર હોદાર (ચાણક્ય) અને રુદ્રાંશ ચોંડેકરે અદ્ભુત અભિનય કર્યો છે. વિલન

મૂવી રિવ્યુ

અમર સોલંકી દ્વારા

ફિલ્મ: 'ધ ગ્રેટ ગ્રાન્ડ સુપરહીરો : એલિયન્સ કા આગમન'

રેટીંગ: ★★☆☆☆

એક લાઈનનો પ્રતિભાવ: જેકી શ્રોફના શાનદાર અભિનય અને ક્યુટ બાળ કલાકારોથી સજ્જ આ ફિલ્મ બાળકો માટે એક મનોરંજક અને હળવી-ફૂલ સુપરહીરો રાઇડ છે.

બનેલા પ્રતીક પાટીલ અને અન્ય સહાયક કલાકારોએ પણ સારો સાથ આપ્યો છે. મનીષ સૈનીનું નિર્દેશન પ્રશંસનીય છે, જે બાળકોની સાથે મોટાઓને પણ કંટાળવા દેતું નથી. જોકે, ફિલ્મનું સંગીત અને ગીતો નબળાં છે, જ્યારે એડિટિંગ અને એક્શન દશ્યો સારા છે.

પ્લસ પોઈન્ટ્સ

જેકી શ્રોફનો શાનદાર અભિનયઃ કાયર અને આળસુ વૃદ્ધમાંથી સુપરહીરો બનવાનું તેમનું ટ્રાન્સફોર્મેશન જોરદાર છે.

ફિલ્મમાં હાસ્ય અને અંત ભાગ ખૂબ જ મનોરંજક છે જે બાળકોને બેહદ પસંદ આવશે. તમામ બાળ કલાકારોએ ખૂબ જ સહજ અને પ્રભાવશાળી અભિનય કર્યો છે.

માઈનસ પોઈન્ટ્સ

નબળું સંગીતઃ ફિલ્મનાં ગીતો અને મ્યુઝિક સરેરાશથી નીચેના સ્તરના છે, જે પ્રભાવ છોડી શકતા નથી.

ઈન્ટરવલ પછી થોડા સમય માટે ફિલ્મની સ્પીડ ઘટી જાય છે.